Member of
CREDAI GUJARAT

CONFEDERATION OF REAL ESTATE DEVELOPERS ASSOCIATION OF INDIA - SURAT
3rd Floor, Association Office Building, Nr. Surat International Exhibition And Convention Center, Khajodd Chokdi, Sarsana, SURAT-395007.
Tele: +91 73839 33777 | Email: info@credai-surat.com | Website: www.credai-surat.com

CREDAI SURAT

Ref.No. : CREDAI/SRT/F6/8/2022

તા.૦૫/૦૩/૨૦૨૨

પ્રતિ,
**ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેકટર**
રૂમ નં.૩૨૨, ત્રીજો માળ,
બ્લોક - સી, નર્મદાભવન,
જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧

**વિષય : એલિવેટર લાઈસન્સ ઝડપથી આપવા બાબત**

મહોદયશ્રી,

સવિનય સહ ઉપરોકત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરી વડોદરા તરફથી લિફ્ટ લાયસન્સ પ્રક્રિયાના સંપૂર્ણ બંધ/વિરામ અંગે તમને જાણ કરવા બદલ અમે ખેદ વ્યકત કરીએ છીએ.

અમારી રજુઆત ધ્યાન પર લાવવા માંગીએ છીએ કે, અગાઉના નિરીક્ષકશ્રીની નિવૃત્તિ પછી આજ સુધી કોઈ નવું લાઈસન્સ જારી કરવામાં આવ્યું હોય તેવું જાણવા મળેલ નથી એટલે કે વડોદરાની વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરીમાંથી જારી કરાયેલ છેલ્લું લાઇસન્સ મળ્યે આશરે બે માસ જેટલો સમય વિતી ગયેલ છે. એક નિરીક્ષકશ્રીથી બીજા નિરીક્ષકશ્રીનાં ટ્રાન્સફર દરમિયાન ૧-૨ અઠવાડિયાના વિલંબને સમજી શકાય તેમ છે. જો કે હાલ લગભગ બે મહિનાથી વધુ સમય થઈ ગયો છે પરંતુ હજુ સુધી નવા લાયસન્સ ઈસ્યુ કરવાની કામગીરી શરૂ થઇ હોય તેવું જણાતુ નથી. ઘણી બધી લિફ્ટ કંપનીઓએ વડોદરાની ઓફિસની મુલાકાત લીધી હતી. પરંતુ લાયસન્સ પ્રક્રિયા ક્યારે શરૂ થશે તે અંગે હજુ સુધી કોઈ સંતોષકારક જવાબ મળ્યો નથી.

ડેવલોપર્સ એલિવેટર લાયસન્સ વગર BUC મેળવી શકતા નથી જેથી ફલેટધારકો રહેવા જઇ શકતા નથી. બીજી બાજુ ડેવલોપર્સને પણ આર્થિક નુકશાન સહન કરવાનો વારો આવે છે. કારણ કે, મિલકતની નોંધણી વધુ વિલંબિત થાય છે અને રેરા પ્રમાણે પ્રોજેકટ સમયમર્યાદામાં પુર્ણ ન થવાથી પેનલ્ટી પણ


| | | | | | |
|---|---|---|---|---|---|
| RAVJI PATEL<br>Chairman<br>99252 05961 | SANJAY MANGUKIYA<br>President<br>98251 22383 | G.R. ASODARIA<br>Vice- President<br>98251 43517 | DR. JIGNESH PATEL<br>Vice- President<br>93755 44000 | VIJAY DHAMELIA<br>Vice- President<br>98258 00402 | BHAVESH SANGHAVI<br>Hon. Secretary<br>98251 20206 |
| AMAR RAVAL<br>Hon. Jt. Secretary<br>98251 26001 | TUSHAR LAKHANI<br>Hon. Jt. Secretary<br>98259 05444 | UMESH PATEL<br>Hon. Jt. Secretary<br>98251 35657 | DIPAN DESAI<br>Treasurer<br>98241 14798 | HARESHBHAI MOTISARIYA<br>Jt. Treasurer<br>98243 55311 | HARSHIL DELIWALA<br>Chief Co-ordinator<br>98251 40401 |

ભોગવવી પડે તેવી સ્થિતિ સર્જાય છે. અંતતઃ સરકારની આવકમાં પણ ઘટાડો થાય છે. આનાથી સંપૂર્ણ વ્યાપાર ચક્રને અસર થઈ રહી છે.

આથી અમારી આપશ્રીને નમ્ર અરજ છે કે, આ સંદર્ભમાં છેલ્લા મુખ્ય વિદ્યુત નિરીક્ષક (શ્રી આર.બી. દેસાઈ) ના કાર્યકાળ દરમિયાન જે ઝડપે એલિવેટર લાઈસન્સ આપવામાં આવતા હતા, તેવી જ રીતે હાલમાં પણ તે જ ઝડપે એલિવેટર લાઈસન્સ આપવામાં આવે તેવા યોગ્ય પગલાં લેવા આપશ્રીને અમારી આગ્રહભરી વિનંતિ છે.

લિ. આપના વિશ્વાસુ

| | | |
|---|---|---|
| **રવજીભાઈ પટેલ** | **સંજય માંગુકીયા** | **ભાવેશ સંઘવી** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** | **ક્રેડાઈ-સુરત** |